## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



ગુરુજી... તમે જરા પણ ગભરાશો નહીં... અમારા આર્શિવાદ તમારી સાથે જ છે... જરૂર પડ્યે પત્થરબાજી પણ કરી લઈશું...!!

# હવે, સુરત રૂટમાં વોલ્વો બસ સેવા શરૂ કરવા પ્રબળ માંગ

### રાજકોટ રૂટની બસને યોગ્ય ટ્રાફિક મળતા સુરત રૂટમાં પણ ગાંધીનગરથી વોલ્વો બસ શરૂ કરવા વિચારણા

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગર એસ ટી ડેપોમાં શહેરી બસ સેવાને અનુલક્ષી જરૂરી રૂટનો અપગ્રેડ કરવાની અનિવાર્યતા હોવાની માંગ ઉઠવા પામી છે. જેથી આમ નાગરિકોને સમયસર અને નિયમિત સલામત સવારીની સેવા મળી શકે . જો કે થોડા સમયથી શરૂ કરાયેલી રાજકોટની વોલ્વો બસ સેવાને યોગ્ય પ્રતિસાદ મળતા હવે ગાંધીનગર સુરત વોલ્વો બસ શરૂ કરવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે. રાજકોટની જેમ સુરતના રૂટમાં પણ વિશેષ ટ્રાફિક રહેતો હોવાથી આ રૂટમાં પણ ગાંધીનગરથી બસ શરૂ કરવા માટે એસ ટી તંત્ર દ્વારા પણ વિચારણા હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગર પાટનગર હોવાના નાતે શહેરમાં સ્થિત અનેકવિધ સરકારી કચેરીઓમાં વિવિધ શહેરોમાંથી મોટી સંખ્યામાં મુલાકાતીઓ આવે છે. સરકારી કામકાજ માટે આવતા મુલાકાતીઓની સંખ્યા વિશેષ છે. ત્યારે વિવિધ શહેરમાંથી આવતા મુલાકાતીઓને યોગ્ય બસ સેવા મળી રહે તે પણ અનિવાર્ય છે. આવા સંજોગોમાં થોડા સમય અગાઉ એસ ટી તંત્ર દ્વારા રાજકોટ રૂટ માટે ખાસ વોલ્વો બસ સેવા શરૂ કરવામાં આવી છે. રાજકોટ રૂટની આ એસ ટી વોલ્વો બસને મુસાફરોને યોગ્ય પ્રતિસાદ મળતા વોલ્વો બસમાં ટ્રાફિક મળી રહે છે. ગાંધીનગરથી સવારે ૬:૩૦ કલાકે તેમજ બપોરે ૧:૩૦ કલાકે તેમજ સાંજે ૬ કલાકે રાજકોટ રૂટની વોલ્વો બસ દોડે છે. જેના લીધે ગાંધીનગરના સ્થાનિક મુસાફરોને પણ રાજકોટ જવા માટે વોલ્વો બસ સવારી માટે અમદાવાદ જવુ પડતુ નથી. જયારે સરકારી કામકાજ માટે આવતા મુલાકાતીઓ માટે પણ આ ખાસ બસ સેવા આર્શીવાદ રૂપ બની છે. રાજકોટ થી ગાંધીનગર આવતા મુલાકાતીઓને હવે બસ સેવા માટે અમદાવાદ જવુ પડતુ નથી. જયારે રાજકોટ ઉપરાંત અન્ય સુરત રૂટમાં પણ આ પ્રકારની બસ સેવા શરૂ કરવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે. સુરત રૂટમાં પણ વિશેષ ટ્રાફિક રહેતો હોવાના લીધે સ્થાનિકો તેમજ પાટનગરની મુલાકાતે આવતા નાગરિકોને સુરત રૂટમાં વોલ્વો બસ સેવા મળે તેવી માંગ કરવામાં આવી છે. ટુંકમાં ગાંધીનગરથી રાજકોટની જેમ વોલ્વો બસ સેવા શરૂ કરવા પણ એસ ટી નિગમ દ્વારા વિચારણા હાથ ધરવામાં આવી છે.

# જેસીઆઈ ગાંધીનગર દ્વારા તંદુરસ્ત બાળ સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા. ૨૬

જેસીઆઈ ગાંધીનગર દ્વારા આગામી તા. ૩૧ ઓગસ્ટને ગુરુવારના રોજ સાંજે ૪ થી ૬ કલાક દરમિયાન સેકટર-૭સી કલ્પ બાળકોની હોસ્પિટલ ખાતે તંદુરસ્ત બાળકોની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૬ માસથી લઈને ૪ વર્ષના બાળકો ભાગ લઈ શકશે. આ સ્પર્ધામાં કયુટ બેબી, ફેન્સી બેબી, હેલ્ધી હેર બેબી, બ્યુટીફુલ આઈસ બેબી, હેલ્ધી બેબી જેવી અલગ-અલગ કેટેગરી રાખવામાં આવેલ છે. આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક બાળકોના વાલીઓએ તા.૩૦ ઓગસ્ટ સુધીમાં ડો. પરાગી ગાંધી સેકટર-૭એ, પ્લોટ નં-૩૧૧-૧, મયુર મેડીકલ સ્ટોર શોંપીગ સેન્ટર, સે-૨૨ ચેતન વોચ કંપની, મિતાલી ભાવસાર એ-૩૯ અનિર્દેશ બંગલો, પ્રમુખ નગરની પાછળ,ફાલ્ગુની ભાવસાર, પ્લોટ નં-૨૧૦-૪ હરિકૃપા એપાર્ટમેન્ટ,સે-૨૯ તેમજ કલ્પ બાળકોની હોસ્પિટલ ૯૪૯-૧ સે-૭સી, એસટી ડેપોની સામેથી ફોર્મ મેળવી નિયત ફી સાથે ભરીને મોકલી આપવા સંસ્થાના પ્રમુખે અનુરોધ કર્યો છે.

## સ્વ. બી.સી. મોદીના ચક્ષુ દાન કરાયા

જિલ્લા પંચાયત ગાંધીનગરના ભૂતપૂર્વ સંશોધન મદદનીશ અને ક્રેડીટ સોસાયટીના ભૂતપૂર્વ ચેરમેન ભગવાનદાસ છગનલાલ મોદી, ઉ.વ. ૭૬, પ્લોટ નં. ૧૨૫/૧, સે-૬-બીનું તા. ૨૬મી ઓગસ્ટે દુઃખદ અવસાન થયેલ છે. તેઓના કુટુંબીજન અને ભાજપના અગ્રણી શીરીષચંદ્ર ભગવાનદાસ મોદીની સંમતિથી ચક્ષુઓનું દાન લેવામાં આવેલ છે. સદર કાર્યમાં ડૉ. પ્રષાંથીબેન, ડૉ. મેઘનાબેન તેમજ જુસીકાના કાર્યકર રાજુભાઈ વાઘેલા અને હિતેષ બી. રાવલ અને દિલિપભાઈએ સ્વર્ગસ્થના ચક્ષુઓ લેવામાં મદદ પુરી પાડી હતી.



## માણસા ખાતે કોંગ્રેસ કાર્યાલયનું ઉદ્‌ઘાટન

માણસા તાલુકા કોંગ્રેસ સમિતિના નવીન કાર્યાલયનું ઉદ્‌ઘાટન પાટણના પૂર્વ સાંસદ અને ગુજરાત કોંગ્રેસના નવનિયુક્ત ઉપપ્રમુખ જગદીશભાઈ ઠાકોરની વિશેષ ઉપસ્થિતિમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભીના હસ્તે થયુ. ત્યારબાદ ૪૧-કડવા પાટીદાર સમાજ વાડી ખાતે કાર્યકર્તા સંમેલન એ.આઈ.સી.સી.ના મંત્રી અને ઉત્તર ગુજરાતના પ્રભારી શ્રીમતી વર્ષાતાઈ ગાઈકવાડની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયું હતું. આ પ્રસંગે કોંગ્રેસના ધારાસભ્ય બળદેવજી ઠાકોર, જશુભા રાણા, ડૉ. સી.જે. ચાવડા, બાબુસિંહ ઠાકોર, સુરેશભાઈ પટેલ, પંકજભાઈ પટેલ, ડૉ. કમલેશ ચૌધરી, પૃથ્વીસિંહ રાઠોડ, જગતસિંહ બિહોલા, જયંતીભાઈ પટેલ, અમૃતભાઈ પટેલ સહિત જિલ્લા-તાલુકા પંચાયત અને નગરપાલિકાના ચૂંટાયેલા સદસ્યો, શહેર તાલુકા જિલ્લા કોંગ્રેસના હોદ્દેદારો, યુવક કોંગ્રેસ, મહિલા કોંગ્રેસ, સેવાદળ, એનએસયુઆઈ, વિવિધ સેલ અને ડિપાર્ટમેન્ટના હોદ્દેદારો ઉપરાંત જિલ્લા કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરો ખુબજ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ગરીબ કલ્યાણ મેળા ૨૦ થી ૩૦ સપ્ટે. દરમિયાન યોજાશે

### સ્વરોજગારી માટે ૩૩ પ્રકારની વિવિધ કીટો લાભાર્થીઓને અપાશે : ગરીબ કલ્યાણ મેળા પ્રાંતકક્ષાએ યોજાશે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં ગરીબ કલ્યાણ મેળાનું આયોજન સપ્ટેમ્બર માસના ત્રીજા સપ્તાહમાં કરવામાં આવે તેવી શક્યતાના સંકેતો મળ્યા છે.

તંત્ર દ્વારા ગરીબ કલ્યાણ મેળા માટેના સ્વરૂપમાં કરાયેલા ફેરફારને પગલે લાભાર્થીઓની યાદીને આખરી ઓપ આપવાની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે વંચિતોની યાદી આર્થિક-સામાજિક મોજણી જે કરવામાં આવી છે તેનો આધાર બનાવી તૈયાર થશે. આ પૈકી લાભાર્થીઓને અલગ તારવવામાં આવશે. મળતી વિગતો પ્રમાણે આ વખતે ગરીબ કલ્યાણ મેળામાં લાભાર્થીઓને સ્વરોજગારી માટે કીટ આપવા પર ભાર મુકવામાં આવશે. આ અંગે ૩૩ પ્રકારની કીટો તૈયાર કરવામાં આવશે. જોકે જિલ્લાના લાભાર્થીઓની યાદી તૈયાર થયા પછી જ કેટલી કીટ અને સહાય અપાશે તે અંગેનું ચિત્ર સ્પષ્ટ થશે.

મળતી વિગતો પ્રમાણે ગરીબ કલ્યાણ મેળા તાલુકા કક્ષાએ નહિ પણ પ્રાંત કક્ષાએ યોજવામાં આવશે તેમ જાણવા મળી રહ્યો છે.

સરકાર સાથે સંકળાયેલા સૂત્રોના જણાવ્યાનુસાર ૨૦ સપ્ટે.થી ૩૦ સપ્ટેમ્બર દરમ્યાન રાજયમાં આ ગરીબ કલ્યાણ મેળાઓનું આયોજન સંપન્ન કરી દેવામાં આવશે. આ માટેની લાભાર્થીની ડેટા એન્ટ્રી, કીટની વ્યવસ્થા, સ્થળની પસંદગી સહિતની કામગીરી પૂરી કરી દેવા માટે તંત્રને સૂચનાઓ પણ આપી દેવાઈ છે.

# અનુસૂચિત જાતિના લાભાર્થીઓને આવતીકાલે ધિરાણ વિતરણ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૬

ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અ.જા.) ગાંધીનગર અને રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન, નવી દિલ્હીના સંયુક્ત ઉપક્રમે અનુજાતિના અતિપછાત જાતિના લાભાર્થીઓને સીધા ધિરાણની વિવિધ યોજનાઓ જેવી કે મહિલા સમૃદ્ધિ યોજના, માઈક્રોક્રેડીટ ફાયનાન્સ યોજના અને પેસેન્જર ઓટોરીક્ષા યોજનાના ૧૪૯૬ લાભાર્થીઓને લોન અને ધિરાણ આપવાનો કાર્યક્રમ આગામી તા. ૨૮મી ઓગષ્ટના રોજ સવારે ૯ થી બપોરે ૧ દરમ્યાન રાજપથ ક્લબની પાછળ, બોડકદેવ, એસજી હાઈવે, અમદાવાદ ખાતે યોજાશે. નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલના હસ્તે લાભાર્થીઓને ધીરાણ અપાશે.

આ કાર્યક્રમમાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ રમણલાલ વોરા, પૂર્વ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી આત્મારામભાઈ પરમાર, સંસદ સભ્ય મહંત શંભુપ્રસાદ ટુંડીયા, ડૉ. કીરીટભાઈ સોલંકી, વિનોદભાઈ ચાવડા, સંસદીય સચિવો પુનમભાઈ મકવાણા, જેઠાભાઈ સોલંકી, અમદાવાદના મેયર ગૌતમભાઈ શાહ, ધારાસભ્ય આર.એમ. પટેલ, બોર્ડ-નિગમના અધ્યક્ષો, ઉપાધ્યક્ષો, વિભાગના અધિકારીઓ અને લાભાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.





ગાંધીનગરમાં બ્રહ્મસમાજ આયોજિત ગણેશોત્સવના પ્રારંભે સવારે શ્રીજીની ભવ્ય શોભાયાત્રા બાદ રાત્રિના સે-૧૬ સ્થિત સોમનાથ મંદિર પાસે સ્થિત શ્રીજીના પંડાલમાં અભેસિંહ રાઠોડના ડાયરાનો કાર્યક્રમ યાજાયો હતો. જેમાં સમાજના સભ્યો ઉપરાંત ભાવિકોએ મોટી સંખ્યામાં ડાયરાની મોજ માંણી હતી.

# IIT-RAMનો પ્રથમ પદવીદાન સમારોહ

### સિવિલ એન્જિનિયરીંગના ૨૫ અને ઇલેક્ટ્રીકલ એન્જિનિયરીંગના ૨૭ વિદ્યાર્થીઓને પદવી એનાયત

અમદાવાદ, તા. ૨૬

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ અમદાવાદમાં IIT-RAM (ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ફ્રાસ્ટ્રકચર ટેકનોલોજી રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ)ના પ્રથમ પદવીદાન સમારોહમાં યુવા વિદ્યાર્થીઓને પ્રેરણા આપતાં આહવાન કર્યું કે, ભવિષ્યના ભારતની વૈશ્વિક પ્રતિષ્ઠાથી ન્યૂ ઈન્ડિયા-૨૦૨૨ દ્વારા જગતગુરૂ ભારત બનાવવામાં યુવાશક્તિનું ડેમોગ્રાફિક ડિવિડંડ ઉત્કૃષ્ટ પ્રદાન કરે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટના આધાર ઉપર સક્ષમ-સમર્થ અને સસ્ટેનેઈબલ ડેવલપમેન્ટ ગ્રોથ દ્વારા ભારતમાતાને પરમ વૈભવે બિરાજીત કરાવવામાં આ આધુનિક શિક્ષણ વ્યવસ્થા એક પ્રેરણા બળ બનશે.

મુખ્ય મંત્રીશ્રીએ IIT-RAM ના પ્રથમ પદવીદાન સમારંભમાં પર વિદ્યાર્થીઓને પદવી એનાયત કરતાં ભવિષ્યના આધુનિક અને જગતગુરૂ ભારતના નિર્માણમાં ઈન્ફ્રાસ્ટ્રકચર અને શોધ-સંશોધનને પાયારૂપ ગણાવ્યા હતા.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ઈન્ફ્રાસ્ટ્રકચર વિકાસથી રાજય અને રાષ્ટ્રના વિકાસની નેમ આ સંસ્થાના નિર્માણથી સાકાર કરી છે તેમ વિજયભાઈએ ઉમેર્યું હતું.

વિજયભાઈ રૂપાણીએ ઉમેર્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈએ તેમના ગુજરાતના મુખ્યમંત્રી પદના કાર્યકાળ દરમિયાન જ્ઞાન-વિજ્ઞાનના વિશ્વમાં જે શ્રેષ્ઠ છે તેને ગુજરાતમાં ઉતારવાની નેમ સાથે રક્ષાશક્તિ, ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી, ઓર્ગેનિક, મરિન, પંડિત દિનદયાલ પેટ્રોલિયમ યુનિવર્સિટી જેવી સમયાનુકૂલ યુનિવર્સિટીઓની સ્થાપનાથી તક્ષશીલા, નાલંદા, વલ્લભી જેવી પ્રાચિન વિશ્વ વિદ્યાપીઠોની શાખ પ્રતિષ્ઠા આ આધુનિક યુનિવર્સિટીઓ સાકાર કરે તે હેતુથી તેમણે આવી જ્ઞાન સંપદા રાજયના યુવાનોમાં પ્રેરિત કરી છે.







# અમદાવાદ એરપોર્ટ પરથી ૮૧ લાખનું સોનુ પકડાયું

અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી આજે શારજાહથી આવેલા પેસેન્જર પાસેથી આશરે રૂ.૮૧ લાખની કિંમતના ત્રણ કિલો સોનાના જથ્થો મળી આવતાં જબરદસ્ત ચકચાર મચી જવા પામી હતી. અન્સારી અબ્દુલ મહંમદ ઈસ્માઈલ નામનો શખ્સ શારજાહથી અમદાવાદ આવતી ફલાઈટમાં આવ્યો હતો અને કસ્ટમ ઓથોરીટીએ બહુ મોટા ઓપરેશનમાં તેની પાસેથી ત્રણ કિલો સોનુ જપ્ત કરી તેને ઝડપી લીધો હતો. કસ્ટમ અધિકારીઓએ આ શખ્સ સોનું કયાંથી અને કેવી રીતે લાવ્યો તેમ જ કયાં લઈ જવાનો હતો તે સહિતના મુદ્દે પણ ઝીણવટભરી તપાસ અને પૂછપરછ હાથ ધરી છે. અમદાવાદ એરપોર્ટ પર આજે પેસેન્જરોના માલ-સામાનના ચેકીંગ ચાલી રહ્યા હતા એ વખતે શારજાહથી આવેલા શખ્સની હરકત શંકાસ્પદ જણાતાં કસ્ટમ અધિકારીઓએ તેને અલગ બોલાવી તપાસ અને ચેકીંગ કર્યા હતા, જે દરમ્યાન તેની પાસેથી રૂ.૮૧ લાખની કિંમતનું ત્રણ કિલો સોનું મળી આવતાં કસ્ટમ અધિકારીઓ પણ ચોંકી ઉઠયા હતા. અધિકારીઓએ આ શખ્સની પૂછપરછ કરતાં તે શારજાહથી અમદાવાદની ફલાઈટમાં આવ્યો હતો.

# રાજયભરમાં સ્વાઈન ફલુનો કહેર યથાવત

### અમદાવાદ સહિતના ગુજરાતભરમાં સ્વાઇન ફલુનો કુલ મૃત્યુઆંક ૩૧૮ થયો : સ્વાઇન ફલુના કુલ ૩૮૧૧ કેસો

અમદાવાદ,તા. ૨૬

રાજયમાં સ્વાઈન ફલુની પરિસ્થિતિ ભયાનક અને ચિંતાજનક બની ગઈ છે, રોજેરોજ મૃત્યુઆંક અને સ્વાઈન ફુલ પોઝીટીવના કેસો ખતરનાક રીતે વધી રહ્યા છે તેમછતાં સરકારી તંત્ર સાચા આંકડા બહાર ના આવે અને લોકોમાં સ્વાઈન ફુલની સાચી પરિસ્થિતિ ખુલ્લી ના પડી જાય તે હેતુથી સાચી આંકડાકીય માહિતી પણ છુપાવવાનો પ્રયાસ કરી રહ્યું છે પરંતુ તેમછતાં સ્વાઈન ફલુના મામલે સરકાર અને સત્તાવાળાઓની નિષ્ફળ કામગીરી ખુલ્લી પડી જ ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજયમાં સ્વાઈન ફલુના કારણે વધુ ૭ દર્દીઓના મોત નીપજયા છે, જયારે અંદાજે ત્રણસોથી વધુ નવા સ્વાઈન ફલુ પોઝીટીવના કેસો નોંધાયા છે. આજે રાજયમાં સૌથી વધુ મૃત્યુ અમદાવાદમાં સ્વાઈન ફલુના કારણે ચાર દર્દીઓના મોત નોંધાયા હતા. આ સાથે જ રાજયભરમાં સ્વાઈન ફલુના કારણે કુલ મૃત્યુઆંક ૩૧૮ સુધી પહોંચ્યો છે.

સ્વાઈન ફલુના કારણે અમદાવાદમાં આજે ચાર દર્દીઓના મોત ઉપરાંત રાજકોટમાં બે મહિલા અને જૂનાગઢની એક પ્રૌઢાએ જીવ ગુમાવ્યો હતો. શહેર સહિત રાજયભરમાં સ્વાઈન ફલુના કુલ ૩૮૧૧ કેસો નોંધાયા છે. રાજયમાં સ્વાઈન ફલુના કારણે અત્યારસુધીમાં સૌથી વધુ ૯૪ દર્દીઓના મોત રાજકોટ-સૌરાષ્ટ્રમાં નોંધાયા છે. આ સિવાય અમદાવાદ, સુરત, વડોદરા, ભાવનગર, જામનગર, કચ્છ-ભુજ સહિતના વિસ્તારોમાં પણ સ્વાઈન ફલુના ભરડામાં સંખ્યાબંધ લોકો હોમાયા છે. અત્યારસુધીનો કુલ મૃત્યુઆંક ૩૧૮ સુધી પહોંચી ગયો છે. ખુદ સરકારી તંત્રના દાવા મુજબ, રાજયભરમાં સ્વાઈન ફુલને લઈ હાથ ધરાયેલા સર્વેક્ષણમાં અત્યારસુધીમાં શંકાસ્પદ જણાતાં હજારો વ્યકિતઓને પ્રોફાઈલેકટીક સારવાર હેઠળ આવરી લેવાયા છે. રાજયમાં હાલ સ્વાઈન ફલુના સેંકડો દર્દીઓ વિવિધ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. જે પૈકી ૨૧ દર્દીઓ વેન્ટીલેટર પર છે. દરમ્યાન સરકાર અને મહાનગરપાલિકા સત્તાવાળાઓ દ્વારા રાજયની વિવિધ સરકારી હોસ્પિટલોમાં સ્વાઈન ફુલના રક્ષણ માટે આર્યુવેદિક ઉકાળાનું વિતરણ થઈ રહ્યું છે. સરકારના આરોગ્ય તંત્ર અને ટીમો દ્વારા સર્વેક્ષણ થઈ રહ્યું છે.

#### સ્વાઈન ફલુ ટૂંકમાં જ કાબૂમાં આવી જશે

દરમ્યાન નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે આજે આશા વ્યકત કરી હતી કે, સ્વાઈન ફલુની બિમારી ટૂંક સમયમાં જ કાબૂમાં આવશે. વરસાદનું જોર ઘટતાં અને ચોમાસાનો માહોલ ઓછો થતાં હવે સ્વાઈન ફલુ પર કાબૂ મેળવવામાં મદદ મળી રહી છે. ગરમીના કારણે સ્વાઈન ફલુના કેસોની સંખ્યા હવે ધીરેધીરે ઘટી રહી છે અને સરકાર તેમજ આરોગ્યતંત્રના અધિકારીઓ અને તબીબો સ્વાઈન ફલુને ડામવાના અસરકારક પ્રયાસો કરી રહ્યા છે. જેથી ટૂંક સમયમાં તેની પર કાબૂ મેળવી લેવાશે.

# ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનની ૭૬મી બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૨૬

અનુસૂચિત જાતિના સર્વાંગી ઉત્કર્ષ માટેની વિવિધ આર્થિક યોજનાઓના લાભો પારદર્શક રીતે હાથોહાથ પહોંચાડવાના સનિષ્ઠ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તેમ જણાવી કોર્પોરેશનના અધ્યક્ષ રમેશભાઈ સોલંકી કોર્પોરેશનની ૭૬મી બેઠકને સંબોધી હતી.

ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનની ૭૬મી નિયામક મંડળની કાર્યવાહીની વિગતો આપતા અધ્યક્ષ રમેશભાઈ સોલંકીએ જણાવ્યું કે, અનુસૂચિત જાતિના જરૂરીયાતમંદ બેરોજગાર લાભાર્થીઓને રોજગારી મળે તે માટે ઈકો મારૂતિ, ટેક્ષી-મેક્ષી, ઓટો રીક્ષા અને ખાસ કરીને અનુસૂચિત જાતિની મહિલાઓ રોજગારીથી સશક્ત બને તે માટે મહિલા સમૃદ્ધિ યોજના અંતર્ગત આશરે ૪૦૦૦ કરતાં વધુ લાભાર્થીઓને ૫૨.૮૮ કરોડ રૂપિયાનું સીધુ ધિરાણ આવનાર ટુંક સમયમાં હાથોહાથ લાભ આપવાના પગલા લેવાઈ રહ્યાં છે.

અનુ. જાતિના લોકો ગૌરવપૂર્ણ રીતે સ્વાભિમાનથી પોતાની જીંદગી જીવી શકે તે માટે દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી 'સ્કીલ ઈન્ડિયા' યોજનાથી જરૂરી લાભાર્થીઓને હાઈસ્કીલ પ્રોગ્રામથી સ્કીલ આપી રોજગારી આપવાનો પ્રયત્ન પણ કર્યો છે. નિગમની યોજનાઓના સુચારૂ અને અસરકારક અમલ માટે વર્ગ-૨ અને વર્ગ-૩ની ખાલી જગ્યાઓ પણ વિભાગના મંત્રી આત્મારામભાઈ પરમારના પ્રયત્નથી ભરવાની મંજુરી મળેલ છે. જેની ભરતી સરકારના પ્રવર્તમાન નિયમ અનુસાર ટુંક સમયમાં પ્રક્રિયા હાથ ધરવાનો પણ નિર્ણય કરેલ છે.

ઉપરોક્ત બાબતોની વિસ્તૃતિ ચર્ચા-વિચારણા કરવામાં આવી અને નિયામક મંડળના હાજર સર્વે સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

બેઠકમાં ઉપાધ્યક્ષ જીતુભાઈ વાઘેલા અને નિયામક મંડળના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. અંતમાં નિગમના મેનેજીંગ ડીરેક્ટર ગઢવીએ આભારવિધિ કરી હતી.